સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 41

[OCT - 2020]
[04/10/20 to 10/10/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





## CURRENT TOPICS

- ચૌદમી ગુજરાત વિધાનસભાના ઐતિહાસિક ચોમાસું સત્રમાં પસાર થયેલા કેટલાક અગત્યના બિલો
- વિવાદાસ્પદ ત્રણ કૃષિ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી
- વયોવૃદ્ધ કોરોના દર્દીઓની સારવાર માટે ભારતમાં સૌપ્રથમ અમદાવાદમાં જીરીયાટ્રીક વોર્ડનો પ્રારંભ
- ગુજરાતના ગ્રામીણ વિસ્તારના નાગરિકોને પોતાના ગામમાં જ સેવાઓ ઉપલબ્ધ કરાવવા 'ડિજિટલ સેવા સેતુ યોજના' લોન્ચ
- 10,000 ફૂટથી વધુ ઊંચાઈ પર બનેલી વિશ્વની સૌથી લાંબી ટનલ 'અટલ ટનલ'નું લોકાર્પણ
- એન્ટી સબમરીન સુપરસોનિક મિસાઈલ 'સ્માર્ટ'નું ભારત દ્વારા સફળ પરીક્ષણ


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 4 OCTOBER, 2020 SUNDAY

### ➤ દિવસ મહિમા : 4 ઓક્ટોબર, વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે **4 ઓક્ટોબર**ના રોજ પ્રાણીઓના અધિકાર અને કલ્યાણ માટે જાગૃતિ ફેલાવવા '**વિશ્વ પ્રાણી દિવસ**'ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સના પ્રાણીઓના આશ્રયદાતા સંત **શ્રી ફ્રાન્સિસ એસ્સીસી**ની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### ➤ ચૌદમી ગુજરાત વિધાનસભાના ઐતિહાસિક ચોમાસું સત્રમાં પસાર થયેલા કેટલાક અગત્યના બિલો

તાજેતરમાં ચૌદમી ગુજરાત વિધાનસભાનું **પાંચ દિવસનું** સત્ર સંપન્ન થયું છે.

- આ સત્રમાં અનેક મહત્ત્વના બિલો પસાર થયા હોવાથી તે ઐતિહાસિક બની રહયું હતું.
- ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા મહત્ત્વના –
  (1) ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) બિલ-2020 અને
  (2) ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) બિલ, 2020
  અંગેની પરીક્ષાલક્ષી માહિતી આ અગાઉના ICE MAGICમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી.
- આ સિવાયના અન્ય મહત્ત્વના બિલો વિશેની માહિતી આ પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

#### (1) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, 2020

ગુજરાતના મહેસૂલ મંત્રી **શ્રી કૌશિક પટેલે** ગુજરાત વિધાનસભામાં આ વિધેયક રજૂ કર્યું હતું. આ બિલની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

1. આ સુધારા વિધયેકથી ગુજરાતમાં હવે **કૃષિ યુનિવર્સિટી, પશુપાલન, યુનિવર્સિટી, શિક્ષણ, તબીબી શિક્ષણ કે આરોગ્ય** જેવા હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે **જિલ્લા કલેક્ટર**ની પૂર્વ મંજૂરી લેવી પડશે નહિ. તેની જગ્યાએ આવી જમીનની ખરીદી કર્યા બાદ જિલ્લા કલેકટરને **1 મહિના**માં જાણ કરવાની રહેશે.
2. ગુજરાતમાં **બોનાફાઈડ ઈન્ડસ્ટ્રીયલ પરપઝ** માટે ખરીદેલી જમીન પણ હવે **25થી 100 ટકા** જંત્રીની રકમ ચૂકવીને અન્યને વેચી શકાશે.
3. GDCRની જોગવાઈ મુજબ **ઔદ્યોગિક હેતુનો ઉપયોગ શક્ય ન હોય** તેવા કિસ્સામાં GDCRની જોગવાઈ હેઠળ જાહેર કરેલ ઝોન મુજબ જમીનનો ઉપયોગ કરવાના હેતુ માટે પરવાનગી આપવામાં આવશે. આ માટે જંત્રીની **10 ટકા** રકમ ચૂકવવાની રહેશે.

**નોંધ :** (1) આ સુધારા વિધેયકથી ગુજરાતમાં શૈક્ષણિક સંસ્થાઓના નિર્માણમાં થતો વિલંબ અટકશે.

(2) ઔદ્યોગિક હેતુ માટે ખરીદેલી પડતર જમીનનો ઉપયોગ શરૂ થશે.

### આ વિધેયકથી કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, 2020' અંતર્ગત નીચેના ત્રણ એકટ અથવા તો વટહુકમમાં સુધારાઓ કરવામાં આવ્યા છે :

(1) **ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, 1948**

(2) **સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, 1949**

(3) **ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, 1958**

## (2) અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક, 2020

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે** ગુજરાત વિધાનસભામાં આ વિધેયક રજૂ કર્યું હતું.

### આ બિલની મહત્ત્વની જોગવાઈઓ

આ બિલની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) યાત્રાધામ અંબાજીના સુગ્રથિત વિકાસ માટે **'અંબાજી યાત્રાધામ પ્રવાસન સત્તામંડળ'**ની રચના કરવામાં આવશે.

(2) આ સત્તામંડળમાં **અધ્યક્ષ, ઉપાધ્યક્ષ** સહિત **11 સભ્યો** હશે.

(3) સત્તામંડળના આ સભ્યોની નિમણૂક **ગુજરાત સરકાર** કરશે.

(4) અંબાજી મંદિર ટ્રસ્ટની કામગીરી પૂર્વવત્ત જ રહેશે. તથા અંબાજી મંદિર ટ્રસ્ટમાં ભક્તો તરફથી દાન–ભેટમાં અપાયેલી રકમ સૂચિત સત્તામંડળને આપવાની રહેશે નહિ.

(5) અંબાજી તથા તેની આજુબાજુના વિસ્તારને **'યાત્રાધામ પ્રવાસન વિકાસ વિસ્તાર'** તરીકે જાહેર કરી શકાશે. અને આ વિસ્તારનો વિકાસ **'અંબાજી યાત્રાધામ પ્રવાસન સત્તામંડળ'** દ્વારા કરવામાં આવશે.

**નોંધ :** આ વિધેયકથી યાત્રાધામ અંબાજીમાં પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓ વિકસાવવામાં મદદ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા (સુધારા) વિધેયક, 2020

ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના ગૃહમંત્રી **શ્રી પ્રદિપસિંહ જાડેજા**એ ગુજરાત વિધાનસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

### આ બિલ અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

ગુજરાતમાં **'ગુજરાત મત્સ્યોદ્યોગ એક્ટ-2003'**માં સુધારો કરવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે.

- એટલે કે આ બિલ દ્વારા **'ગુજરાત મત્સ્યોદ્યોગ એક્ટ 2003'**માં સંશોધન કરવામાં આવ્યું છે.

### આ બિલની મહત્ત્વની જોગવાઈ

ગુજરાત સરકાર દ્વારા લાવવામાં આવેલા આ બિલની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

### (i) ગુજરાત બહારની બોટો દ્વારા ગુજરાતમાં થતી માછીમારી અટકાવવી

ગુજરાત બહારની ફિશિંગ બોટો દ્વારા ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં થતી માછીમારી અટકાવવા માટે ગુજરાત સરકાર દ્વારા આ બિલમાં દંડની જોગવાઈ કરવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાત બહારની કોઈ બોટો ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં માછીમારી કરતી પકડાશે તો તેની પાસેથી **રૂ. 1 લાખનો દંડ** વસૂલવામાં આવશે.
- આ ઉપરાંત બોટમાં મળેલ મત્સ્ય પેદાશોની હરાજી કરીને જે રકમ મળે તેની **પાંચ ગણી રકમ** વસૂલવામાં આવશે.
- ગુજરાતમાં સ્થાનિક સત્તાક્ષેત્રના **સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ** દ્વારા આ શિક્ષાત્મક સજા થશે.

**નોંધ :** (1) આ અગાઉ આ કાયદામાં આ માટે દંડની કોઈ જ જોગવાઈ ન હતી.

(2) જોકે, આ બિલમાં કરવામાં આવેલા આ સુધારાથી બીજા રાજ્યોના માછીમારોથી ગુજરાતના માછીમારોને થતું નુકશાન અટકશે.

### (ii) ભારતીય ફિશિંગ બોટોનું અપહરણ અટકાવવું

સમુદ્રમાં માછીમારી દરમિયાન **લાલપરી** નામની વિશિષ્ટ માછલીને પકડવા માટે ગુજરાત તથા અન્ય રાજ્યોના માછીમારો પાકિસ્તાનની દરિયાઈ સીમામાં કે તેની નજીકના વિસ્તારમાં પ્રવેશી જતાં હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, પાકિસ્તાન સિક્યુરિટી દ્વારા તેનું અપહરણ કરવામાં આવે છે.
- આથી, આ પ્રકારની ઘટનાઓ અટકાવવા માટે અને બોટ માલિકો આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાથી દૂર રહે તે માટે આ બિલમાં જોગવાઈ કરવામાં આવી છે.
- આ અંતર્ગત આ બિલમાં મરિન પોલીસના PSI કે તેથી ઉપરના અધિકારીને વિશેષ સત્તા આપવામાં આવી છે.
- આથી, હવે ગુજરાતમાં મરિન પોલીસના PSI કે તેથી ઉપરના અધિકારીને ગુજરાતના જળ વિસ્તારમાં માછીમારી કરતી કોઈપણ પ્રકારની ફિશિંગ બોટ, વેશલ્સ, ક્રાફ્ટ, ડિપસી બોટ અથવા અન્ય કોઈ યાંત્રિક રચના કે માછીમારની તપાસ અને જપ્તીની (Search and Seizureની) સત્તા આપવામાં આવી છે.

## (4) ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, 2020

ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના સહકાર મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે ગુજરાત વિધાનસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

### આ બિલની મહત્ત્વની જોગવાઈઓ

આ બિલની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) આદિજાતિ વિસ્તારોમાં કાર્યરત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા સંચાલિત હાટ બજારોને બજાર સમિતિના નિયંત્રણ હેઠળ લાવવામાં આવશે.

(2) આદિજાતિ વિસ્તારના ખેડૂતો સ્થાનિક કક્ષાએ જ ખેત ઉત્પાદનનું વેચાણ કરી શકે તે માટે હાટ બજારોને વિકસિત કરવામાં આવશે.

(3) સમગ્ર રાજ્યને એક બજાર જાહેર કરી, વેપારીઓને સિંગલ યુનિફાઈડ લાઈસન્સ આપવામાં આવશે. (ગુજરાતમાં અત્યાર સુધી ગુજરાતનો ખેડૂત ગુજરાતની કોઈપણ બજાર સમિતિમાં ખેત ઉત્પાદન વેચી શકતો હતો. હવે આ જોગવાઈથી ગુજરાતનો વેપારી પણ એક જ લાઈસન્સથી સમગ્ર ગુજરાતની કોઈપણ બજાર સમિતિ, મુખ્યયાર્ડ, સબયાર્ડ, પ્રાઈવેટ માર્કેટયાર્ડમાં વેપાર કરી શકશે.)

(4) ગુજરાતની કોઈ બજાર સમિતિમાં વેચાણ અર્થે આવતા કુલ ઉત્પાદન પૈકી 30 ટકા ખેત ઉત્પાદન ગુજરાત સિવાયના ઓછામાં ઓછા 2 રાજ્યોમાંથી આવતું હોય તો તે બજાર સમિતિને 'MNI' એટલે કે 'Market yard of National Importance' તરીકે જાહેર કરી શકાશે. (જેનાથી બજાર સમિતિ રાષ્ટ્રીયક્ષેત્રે પોતાની હાજરી નોંધાવી શકશે. અને અન્ય રાજ્યો સાથેની તેની વ્યાપારિક સહભાગીદારીતામાં વધારો થશે.)

(5) બજાર સમિતિઓમાં ખેડૂત પ્રતિનિધિઓની સંખ્યા 8થી વધારીને 10 કરવામાં આવશે. (જેથી ખેડૂતોના પ્રશ્નોને વાચા મળશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(6) બજાર સમિતિઓ પોતાના યાર્ડ–સબયાર્ડમાં જ થતાં વેપાર પર **સેસ** લઈ શકશે. બજાર સમિતિઓનું નિયંત્રણ **મુખ્યયાર્ડ અને સબયાર્ડ** પૂરતું મર્યાદિત રહેશે.

(7) ખાનગી વ્યકિત સંચાલિત વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ, સાયલોને **માર્કેટ સબયાર્ડ** તરીકે જાહેર કરાશે.

## (5) ગુજરાત ઔદ્યોગિક તકરાર (સુધારા) વિધેયક, 2020

ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી **શ્રી દિલીપકુમાર ઠાકોરે** ગુજરાત વિધાનસભામાં આ વિધેયક રજૂ કર્યું હતું.

### આ બિલ અંતર્ગત કયા એકટમાં સુધારો કરવામાં આવ્યો છે :

આ બિલ અંતર્ગત નીચેના એકટમાં સુધારાઓ કરવામાં આવ્યા છે :

**(1) ઔદ્યોગિક તકરાર અધિનિયમ 1947 અને**

**(2) કારખાના ધારા, 1948**

### આ બિલની મહત્વની જોગવાઈઓ

(1) ગુજરાતમાં હવે **100 કે તેથી વધુ** કામદાર ધરાવતી સંસ્થાઓની જગ્યાએ **300 કે તેથી વધુ** કામદાર ધરાવતી સંસ્થાએ કામદારોને લે–ઓફ, છટણી તથા સંસ્થા બંધ કરતા અગાઉ સરકારની પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

(2) કામદારોને નોકરીમાંથી છૂટા કરતી વખતે અત્યાર સુધી કુલ નોકરીના વર્ષના વર્ષદીઠ સરેરાશ **15 દિવસ** લેખે પગાર આપવામાં આવતો હતો. પ્રત્યેક વર્ષના **15 દિવસ**ના સરેરાશ પગાર ઉપરાંત હવે તેને **છેલ્લા 3 મહિનાના પગાર** જેટલી રકમ પણ વળતર તરીકે આપવાની રહેશે. (જેનો લાભ 300થી વધુ કામદાર ધરાવતી સંસ્થાના કર્મચારીઓને થશે.)

(3) કામદારને છૂટા કરતા પહેલા ફરજિયાત **3 મહિનાની નોટિસ** આપવાની રહેશે. (આ અગાઉ સંસ્થા કામદારને **ત્રણ મહિનાની નોટિસથી** અથવા તો **નોટિસ પગાર આપીને** તાત્કાલિક અસરથી છૂટા કરી શકે તેવી જોગવાઈ હતી. આથી, હવે કામદારોને નોટિસ પગારથી છૂટા કરી શકાશે નહિ.) **100થી 300** કામદારો ધરાવતી સંસ્થાઓને પણ આ જોગવાઈ લાગુ પાડી શકાશે.

(4) ગુજરાતમાં **નવા સ્થપાતા ઔદ્યોગિક એકમો સંસ્થાઓને** તેઓની સ્થાપના તારીખથી **1000 દિવસ** માટે આ અધિનિયમની તમામ અથવા અમુક જોગવાઈઓમાંથી શરતોને આધિન અથવા શરતો વિના મુકિત આપી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) ગુજરાતમાં **નવા સ્થપાતા કારખાનાઓને** ઉત્પાદન પ્રક્રિયા ચાલુ થયેથી **1000 દિવસ** સુધી **કારખાના ધારા, 1948**ની અમુક જોગવાઈઓના પાલનમાંથી સરકાર મુક્તિ આપી શકશે.

**નોંધ :** (1) આ વિધેયકથી ગુજરાતમાં કામદારોના હિતોનું રક્ષણ થશે.

(2) તથા ગુજરાતમાં નવા ઉદ્યોગો સ્થાપવા માટે બહારના ઉદ્યોગકારોને પ્રોત્સાહન મળશે.

## (6) પાસાના કાયદામાં સુધારા વિધેયક, 2020

ગુજરાત રાજ્યના રાજ્યકક્ષના ગૃહમંત્રી **શ્રી પ્રદિપસિંહ જાડેજા**એ ગુજરાત વિધાનસભામાં આ વિધેયક રજૂ કર્યું હતું.

- ગુજરાતમાં પાસા એક્ટ અંતર્ગત અત્યાર સુધી નીચેના ગુનાઓમાં સંડોવાયેલી વ્યક્તિઓની અટકાયત કરવામાં આવતી હતી :

  (1) IPC તથા આર્મ્સ એક્ટ હેઠળના ગુનાઓ આચરનાર વ્યક્તિ

  (2) ભયજનક હોય તેવી વ્યક્તિ

  (3) ખાનગી અને સરકારી મિલકત પચાવી પાડે તેવી પ્રોપર્ટીગ્રેબર વ્યક્તિ

  (4) કેફી દ્રવ્યોની હેરાફેરીમાં સંડોવાયેલ હોય તેવી ડ્રગ ઓફેન્ડર વ્યક્તિ

  (5) દેહવિક્રય જેવા અનૈતિક વેપાર સાથે જોડાયેલ ગુનેગાર

  (6) દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર બુટલેગર

- પાસાના કાયદામાં સુધારા વિધેયક અંતર્ગત હવે તેમાં નીચેના ગુનાઓ અથવા તો ગુનેગારોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે :

  (1) સાયબર ગુનો કરનાર વ્યક્તિ

  (2) નાણાંની ધીરધાર સંબંધી ગુનો કરનાર વ્યક્તિ

  (3) જાતીય ગુનો કરનાર વ્યક્તિ અને

  (4) જુગારનો અડ્ડો ચલાવનાર વ્યક્તિ

**નોંધ :** PASA Actનું પૂરું નામ Prevention of Anti-Social Activities Act છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (7) ધારાસભ્યશ્રીઓના પગાર-ભથ્થામાં 30 ટકા કાપને લગતુ વિધેયક

ગુજરાતના કાયદા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત વિધાનસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

- આ બિલ અંતર્ગત –

  (1) ગુજરાત વિધાનસભાના સભ્યો

  (2) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

  (3) ગુજરાત રાજ્યના મંત્રીશ્રીઓ અને

  (4) ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા

  ના બેઝિક પગારમાં એપ્રિલ 2020થી માર્ચ 2021 દરમિયાન 1 વર્ષ સુધી માસિક 30 ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે.

**નોંધ :** (1) આ 30 ટકા કાપ અગાઉ ગુજરાતમાં ધારાસભ્યોનો મૂળ બેઝિક પગાર માસિક રૂ. 55,160 હતો. અને તેના પર તેમને 17 ટકા લેખે મોંઘવારી ભથ્થું મળતું હતું.

(2) જ્યારે પદાધિકારીઓનો મૂળ બેઝિક પગાર માસિક રૂ. 68,950 હતો. અને તેના પર તેમને 17 ટકા લેખે મોંઘવારી ભથ્થું મળતું હતું.

## (8) ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા સુધારા વિધેયક

ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુએ ગુજરાત વિધાનસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

- આ બિલ અંતર્ગત ગુજરાત રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની વિવિધ કોલેજોમાંથી કુલ 11 કોલેજોને ‘કામધેનુ યુનિવર્સિટી’ અંતર્ગત એક છત્ર હેઠળ લાવવામાં આવશે.
- એટલે કે આ 11 કોલેજોને ‘કામધેનુ યુનિવર્સિટી’માં તબદિલ કરવામાં આવશે.

## (9) સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) વિધેયક, 2020

ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના કાયદા મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત વિધાનસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

- આ બિલ અંતર્ગત ગુજરાતમાં સ્મોલ કોઝ કોર્ટની નાણાકીય હકૂમત રૂ. 10 લાખથી વધારી રૂ. 25 લાખ કરવામાં આવી છે.
- જેનાથી સિટી સિવિલ કોર્ટ અને અન્ય દીવાની કોર્ટોનું કામનું ભારણ ઘટશે. તથા અરજદારોને ઝડપી ન્યાય મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (10) કારખાના અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક, 2020

ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી **શ્રી દિલીપકુમાર ઠાકોરે** ગુજરાત વિધાનસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

- જેમાં ગુજરાતમાં આ અગાઉ –

(1) ઉત્પાદન પ્રક્રિયામાં વીજળી શકિતના ઉપયોગ થકી **10 કે તેથી વધુ** શ્રમયોગીઓ ધરાવતા એકમોને અને

(2) ઉત્પાદન પ્રક્રિયામાં વીજળી શકિતના ઉપયોગ વગર **20 કે તેથી વધુ** શ્રમયોગીઓ ધરાવતા અકેમોને કારખાના ધારા, 1948ની જોગવાઈઓ લાગુ થતી હતી.

- તેને સ્થાને હવે –

(1) ઉત્પાદન પ્રક્રિયામાં વીજળી શકિતના ઉપયોગ થકી **20 કે તેથી વધુ** શ્રમયોગીઓ ધરાવતા એકમોને અને

(2) ઉત્પાદન પ્રક્રિયામાં વીજળી શકિતના ઉપયોગ વગર **40 કે તેથી વધુ** શ્રમયોગીઓ ધરાવતા અકેમોને કારખાના ધારા, 1948ની જોગવાઈઓ લાગુ થશે.

**નોંધ :** આ સુધારાને કારણે ગુજરાતમાં હવે 10 કે 20ને સ્થાને 20 કે 40 શ્રમયોગીઓ ધરાવતા કારખાનાને કારખાનાધારો લાગુ થશે. આથી, ગુજરાતમાં કારખાનાના માલિકો હવે વધુ શ્રમિકોને કામે રાખશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'વિશ્વ પ્રાણી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર **(B)**

2. ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, 2020'ની જોગવાઈ અનુસાર ગુજરાતમાં હવે કૃષિ યુનિવર્સિટી, પશુપાલન યુનિવર્સિટી, શિક્ષણ, તબીબી શિક્ષણ કે આરોગ્ય જેવા હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે કોની પૂર્વ મંજૂરી લેવી પડશે નહિ ?
   (A) મામલતદાર (B) જિલ્લા વિકાસ અધિકારી
   (C) જિલ્લા કલેક્ટર (D) કૃષિ મંત્રાલય **(C)**

3. ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં ગુજરાતના કયા યાત્રાધામના વિકાસ માટે એક બિલ પસાર કરવામાં આવ્યું છે ?
   (A) દ્વારકા (B) સોમનાથ (C) જૂનાગઢ (D) અંબાજી **(D)**

4. ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક, 2020'ની જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. યાત્રાધામ અંબાજીના વિકાસ માટે 'અંબાજી યાત્રાધામ પ્રવાસન સત્તામંડળ'ની રચના કરવામાં આવશે.
   2. અંબાજીના વિકાસ માટે રચાનાર સત્તામંડળમાં અધ્યક્ષ/ઉપાધ્યક્ષ સહિત 11 સભ્યો હશે.

   Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
   (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

5. ગુજરાત સરકાર દ્વારા કયા એકટમાં સંશોધન માટે તાજેતરમાં 'ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા (સુધારા) વિધેયક 2020' લાવવામાં આવ્યું છે ?
   (A) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2001
   (B) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2003
   (C) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2005
   (D) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2007 **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. 'ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા (સુધારા) વિધેયક 2020' અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ગુજરાત બહારની બોટો દ્વારા ગુજરાતમાં માછીમારી કરવા પર કયા દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

1. રૂ. 1 લાખનો દંડ
2. 6 માસની કેદ
3. બોટમાં મળેલ મત્સ્ય પેદાશોની હરાજીની રકમની પાંચ ગણી રકમ વસૂલવામાં આવશે.
4. 1 વર્ષની કેદ

Ans. (A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3 (D) 1, 2 **(C)**

7. પાકિસ્તાન સિક્યોરીટી દ્વારા ભારતીય બોટોનું અપહરણ અટકાવવા 'ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા (સુધારા) વિધેયક 2020' અંતર્ગત ગુજરાત સરકારે કયા પોલીસ અધિકારીને તપાસ અને જપ્તીની વિશેષ સત્તા આપી છે ?

(A) મરિન પોલીસના હેડકોન્સ્ટેબલ કે તેથી ઉપરના અધિકારી
(B) મરિન પોલીસના ASI કે તેથી ઉપરના અધિકારી
(C) મરિન પોલીસના PSI કે તેથી ઉપરના અધિકારી
(D) મરિન પોલીસના PI કે તેથી ઉપરના અધિકારી **(C)**

8. 'ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, 2020' અંતર્ગતની જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. આદિજાતિ વિસ્તારોમાં કાર્યરત હાટબજારોને બજાર સમિતિના નિયંત્રણ હેઠળ લાવી વિકસાવવામાં આવશે.
2. સમગ્ર રાજ્યને એક બજાર જાહેર કરી, વેપારીઓને સિંગલ યુનિફાઈડ લાઈસન્સ આપવામાં આવશે.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. 'ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, 2020'ની જોગવાઈ અનુસાર ગુજરાતની કોઈ બજાર સમિતિમાં વેચાણ અર્થે આવતા કુલ ઉત્પાદન પૈકી કેટલા ટકા ઉત્પાદન ગુજરાત સિવાયના રાજ્યોમાંથી આવતું હોય તો તે બજાર સમિતિને 'માર્કેટયાર્ડ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ' (MNI) તરીકે જાહેર કરવામાં આવશે ?

(A) 15 (B) 20 (C) 30 (D) 50 **(C)**

10. 'ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, 2020'ની જોગવાઈ અનુસાર ગુજરાતની કોઈ બજાર સમિતિમાં વેચાણ અર્થે આવતા કુલ ઉત્પાદન પૈકી 30 ટકા ઉત્પાદન ગુજરાત સિવાયના ઓછામાં ઓછા કેટલા રાજ્યોમાંથી આવતું હોય તો તે બજાર સમિતિને 'માર્કેટયાર્ડ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ' (MNI) તરીકે જાહેર કરવામાં આવશે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર **(B)**

11. 'ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, 2020' અંતર્ગત ગુજરાતની બજાર સમિતિઓમાં ખેડૂત પ્રતિનિધિઓની સંખ્યા 8થી વધારીને કેટલી કરવાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 10 (B) 12
(C) 14 (D) 15 **(A)**

12. 'ગુજરાત ઔદ્યોગિક (સુધારા) વિધેયક, 2020' અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ગુજરાતમાં કેટલા કામદારો કે તેથી વધુ કામદાર ધરાવતી સંસ્થાએ કામદારોને લે–ઓફ, છટણી તથા સંસ્થા બંધ કરતા અગાઉ સરકારની પૂર્વ પરવાનગી લેવાની રહેશે ?

(A) 100 (B) 200
(C) 300 (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

13. 'ગુજરાત ઔદ્યોગિક (સુધારા) વિધેયક, 2020' અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ગુજરાતમાં નવા સ્થપાતા ઔદ્યોગિક એકમોને તેઓની સ્થાપના તારીખથી કેટલા દિવસ માટે આ અધિનિયમની તમામ અથવા તો અમુક જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકાશે ?

(A) 365 (B) 500 (C) 900 (D) 1000 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા પાસાના કાયદામાં સુધારા અંગેના બિલ અંતર્ગત ગુજરાતમાં પાસા એકટમાં કયા ગુનાનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) સાઈબર ક્રાઈમ (B) જાતીય ગુનો
(C) નાણાંની ધીરધાર સંબંધી ગુનો (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

15. પાસા એકટનું પૂરું નામ શું છે ?
(A) Prevention of Anti-Social Activities Act
(B) Prevention for Anti-Social Activities Act
(C) Prevention on Anti-Social Activities Act
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

16. કોરોના મહામારીને કારણે ગુજરાતના ધારાસભ્યશ્રીઓના પગારમાં એક વર્ષ માટે કેટલા ટકા કાપ મૂકવા માટેનું વિધેયક ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું છે ?
(A) 20 (B) 25 (C) 30 (D) 40 **(C)**

17. ‘ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા સુધારા વિધેયક’ અંતર્ગત ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની કુલ કેટલી કોલેજોને ‘કામધેનુ યુનિવર્સિટી’ અંતર્ગત એક છત્ર હેઠળ લાવવામાં આવશે ?
(A) 8 (B) 10 (C) 11 (D) 21 **(C)**

18. ‘સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) વિધેયક, 2020’ અંતર્ગત ગુજરાતમાં સ્મોલ કોઝ કોર્ટની નાણાકીય હકૂમત રૂ. 10 લાખથી વધારીને કેટલી કરવામાં આવી છે ?
(A) 20 લાખ (B) 25 લાખ (C) 30 લાખ (D) 40 લાખ **(B)**

19. ‘કારખાના અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક, 2020’ અનુસાર ગુજરાતમાં ઉત્પાદન પ્રક્રિયામાં વીજળી શકિતના ઉપયોગ થકી કેટલા કે તેથી વધુ શ્રમયોગીઓ ધરાવતા એકમોને કારખાના ધારો લાગુ થશે ?
(A) 10 (B) 15 (C) 20 (D) 40 **(C)**

20. ‘કારખાના અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક, 2020’ અનુસાર ગુજરાતમાં ઉત્પાદન પ્રક્રિયામાં વીજળી શકિતના ઉપયોગ વગર કેટલા કે તેથી વધુ શ્રમયોગીઓ ધરાવતા એકમોને કારખાના ધારો લાગુ થશે ?
(A) 10 (B) 20 (C) 30 (D) 40 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 5 OCTOBER, 2020 MONDAY

➢ **દિવસ મહિમા : 5 ઓક્ટોબર, (1) વિશ્વ શિક્ષક દિવસ (World Teacher's Day)**

**ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર, (2) વિશ્વ આવાસ દિવસ (World Habitat Day)**

## ➢ વિવાદાસ્પદ ત્રણ કૃષિ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી

તાજેતરમાં ભારતની સંસદના ચોમાસુ સત્રમાં કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ કૃષિ બિલ રજૂ કરવામાં આવ્યા હતા.

- આ ત્રણ કૃષિ બિલોનો વિપક્ષ દ્વારા વ્યાપક વિરોધ કરવામાં આવ્યો હતો.
- જોકે, વિરોધપક્ષના વ્યાપક વિરોધની વચ્ચે આ બિલ ભારતની સંસદમાં પસાર થઈ ગયા હતા.
- અને ત્યારબાદ 27 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે પણ આ ત્રણેય બિલને મંજૂરી આપી દીધી છે.
- દેશભરમાં થયેલા વ્યાપક વિરોધને કારણે વિવાદાસ્પદ બનેલા આ ત્રણ કૃષિ બિલમાં –

1. **The Farmer's Produce Trade and Commerce (Promotion and Facilitation) Bill, 2020**
   **[ખેડૂત ઉત્પાદન વ્યાપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) વિધેયક, 2020]**
2. **The Farmer's (Empowerment and Protection) Agreement on Price Assurance and Farm Services Bill, 2020**
   **[ખેડૂત (સશક્તિકરણ અને સુરક્ષા) મૂલ્ય આશ્વાસન અને કૃષિ સેવાઓ અંગે કરાર વિધેયક, 2020]**
3. **The Essential Commodities (Amendment) Bill, 2020**
   **[આવશ્યક ચીજ વસ્તુ (સંશોધન) વિધેયક, 2020]**

નો સમાવેશ થાય છે.

**નોંધ :** આ ત્રણેય બિલની જોગવાઈઓને આ અગાઉ 5 જૂન, 2020ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા વટહુકમ જાહેર કરી ભારતમાં લાગુ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (1) The Farmer's Produce Trade and Commerce (Promotion and Facilitation) Bill, 2020

ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી **શ્રી નરેન્દ્રસિંહ તોમરે** 14 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતની લોકસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતની લોકસભામાં અને 20 સપ્ટેમ્બર, 2020ના રોજ રાજ્યસભામાં આ બિલ પસાર થઈ ગયું હતું.

### આ બિલની મહત્વની જોગવાઈઓ

(1) ખેડૂતો APMC માર્કેટની બહાર પણ રાજ્યની અંદર કે રાજ્યની બહાર પણ પોતાનું કૃષિ ઉત્પાદન વેચી શકશે. (ભારતમાં અત્યાર સુધી સામાન્ય રીતે ખેડૂતો પોતાના રાજ્યના APMC માર્કેટ અથવા તો પ્રાઈવેટ માર્કેટ યાર્ડ કે સબયાર્ડમાં પોતાની કૃષિ નીપજનું વેચાણ કરતા હતા. તેની સામે તે હવે ભારતમાં કોઈપણ જગ્યાએ APMC માર્કેટની બહાર પણ કોઈપણને પોતાની કૃષિ નીપજનું વેચાણ કરી શકશે. જેનાથી **'એક દેશ, એક કૃષિ બજાર'**નું નિર્માણ થશે.)

(2) APMC માર્કેટની બહાર કૃષિ પેદાશોના વેચાણ પર રાજ્ય સરકાર કોઈપણ પ્રકારનો ટેક્સ કે કોઈપણ પ્રકારનો ચાર્જ લઈ શકશે નહિ. (જેથી ખેડૂતો કોઈપણ જાતનો ટેક્સ ચૂકવ્યા વગર સમગ્ર ભારતમાં ગમે ત્યાં પોતાની કૃષિ નીપજનું વેચાણ કરી શકશે.)

(3) ખેડૂતો પોતાની નીપજ ઘેર બેઠા જ વેચી શકે તે માટે **Electronic Trading Platform** વિકસાવવામાં આવશે. આ પ્લેટફોર્મની મદદથી કૃષિ પેદાશોનું ઓનલાઈન ખરીદ વેચાણ થઈ શકશે. (જેથી ખેડૂતોનો ટ્રાન્સપોર્ટ ખર્ચ બચશે. અને ખેડૂતો સરળતાથી દેશમાં ગમે ત્યાં પોતાની નીપજનું વેચાણ કરી શકશે.)

(4) વ્યાપારી દ્વારા ખેડૂતોને **એ જ દિવસે** અથવા તો વધુમાં વધુ **ત્રણ વર્કિંગ દિવસ**માં પેમેન્ટ ચૂકવવામાં આવશે.

(5) ખેડૂત અને વ્યાપારી વચ્ચે વિવાદના કિસ્સામાં (i) Sub-Divisional Magistrate (SDM) (II) Conciliation Board અને (III) Appellate Authorityને અરજી કરી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ વિધેયકની જોગવાઈઓને કારણે ખેડૂતો સમગ્ર દેશમાં કોઈપણ જગ્યાએ પોતાનો માલ વેચી શકશે. તેથી, તેમને તેમની કૃષિ નીપજના વધારે ભાવ મળશે.

(2) કેટલાક લોકોના મતે આ નવી સિસ્ટમને કારણે APMC માર્કેટ બંધ થઈ જશે. જોકે, સરકારે સ્પષ્ટતા કરી છે કે APMC માર્કેટ બંધ થશે તે વાત તદ્દન ખોટી છે. અને પાકની ટેકાના ભાવે ખરીદી પણ ચાલુ જ રહેશે.

(3) APMCનું પૂરું નામ Agricultural Produce Market Committee (ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ) છે.

## (2) The Farmer's (Empowerment and Protection) Agreement on Price Assurance and Farm Services Bill, 2020

ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે 14 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતની લોકસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતની લોકસભામાં અને 20 સપ્ટેમ્બર, 2020ના રોજ રાજ્યસભામાં આ બિલ પસાર થઈ ગયું હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ બિલની મહત્ત્વની જોગવાઈઓ

આ બિલની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) ખેડૂતો વેપારી, કંપની કે અન્ય સાથે કોન્ટ્રાકટ કરીને કોન્ટ્રાકટ ફાર્મિંગ કરી શકશે.

(2) આ કોન્ટ્રાકટનો ઓછામાં ઓછો સમય પાકની એક સિઝન અથવા તો પશુનું એક પ્રજનન ચક્ર હશે. અને આ કોન્ટ્રાકટનો વધુમાં વધુ સમય 5 વર્ષનો હશે. જોકે, કોઈ પાકના ઉત્પાદન માટે 5 વર્ષ કે તેથી વધુ સમય લાગતો હોય તો એ માટે ખેડૂત અને વ્યાપારી પરસ્પર નક્કી કરે તેટલા સમય માટે કોન્ટ્રાકટ કરી શકશે.

(3) આ કોન્ટ્રાકટમાં કૃષિ નીપજની કિંમત પહેલેથી જ નક્કી કરવામાં આવશે. અને જો ભાવમાં વધ ઘટ થઈ શકે તેમ હોય તો તેવા કિસ્સામાં ખેડૂતોને ઓછામાં ઓછી કેટલી કિંમત મળશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ આ કોન્ટ્રાકટમાં કરવાનો રહેશે. આ ઉપરાંત ભાવ નિર્ધારિત કરવાની પદ્ધતિનો પણ ઉલ્લેખ આ કોન્ટ્રાકટમાં કરવો પડશે.

(4) કૃષિ નીપજના ઉત્પાદન બાદ માલની ડિલિવરી કેટલા સમયમાં કઈ રીતે કરવી તેનો ઉલ્લેખ પણ આ કોન્ટ્રાકટમાં હશે. તેમાં ક્વોલિટીની તપાસનો પણ સમાવેશ થઈ જાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(5) કરારની કુલ કિંમતમાંથી ઓછામાં ઓછી **બે તૃતીયાંશ (two-third)** રકમ **ડિલિવરીના સમયે** આપવાની રહેશે. બાકીની રકમ ડિલીવરીના **1 મહિનાની અંદર** ચૂકવવાની રહેશે.

(6) ખેડૂત અને વ્યાપારી વચ્ચે વિવાદના કિસ્સામાં **(i) conciliation Board (II) Sub-Divisional Magistrate (SDM)** અને **(iii) Appellate Authority**ને અરજી કરી શકશે.

**નોંધ :** (1) આ વિધેયકની જોગવાઈઓને કારણે ખેડૂતોને કૃષિ ઉત્પાદનના વાવેતર પહેલા જ તેના ઉત્પાદનના ઓછામાં ઓછા કેટલા ભાવ મળશે તે સુનિશ્ચિત થઈ શકશે.

(2) ખેડૂતો મોટી કંપની સાથે કોન્ટ્રાકટ કરીને ખેતીમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધુ ખેત નીપજ મેળવી શકશે.

## (3) The Essential Commodities (Amendement) Bill, 2020

ભારતમાં કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ રાજ્યમંત્રી **શ્રી દાણવે રાવસાહેબ દાદારાવ** દ્વારા 14 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતની લોકસભામાં આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

- ત્યારબાદ 15 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતની લોકસભામાં અને 22 સપ્ટેમ્બર, 2020ના રોજ રાજ્યસભામાં આ બિલ પસાર થયું હતું.

### આ બિલની મહત્ત્વની જોગવાઈ

(1) આ બિલમાં **અનાજ, કઠોળ, તેલીબિયાં, ખાદ્યતેલ, ડુંગળી અને બટાકા**ને આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાંથી બાકાત કરવામાં આવ્યા છે. આથી, હવે આવી ચીજો પર સામાન્ય સંજોગોમાં સ્ટોક લિમિટ લાગુ થશે નહિ.

(2) જોકે, સરકાર અસામાન્ય સંજોગોમાં આવી આવશ્યક ચીજ વસ્તુઓ પર સ્ટોક લિમિટ અથવા તો પ્રતિબંધ લાદી શકશે. આ અસામાન્ય સંજોગોમાં –

(i) યુદ્ધ

(ii) દુષ્કાળ

(iii) અસામાન્ય ભાવ વધારો અને

(iv) ગંભીર કુદરતી આપત્તિ

નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) અસામાન્ય ભાવ વધારાની સ્થિતિમાં સરકાર નીચેના સંજોગોમાં સ્ટોક લિમિટ લાગુ કરી શકશે :

(i) બાગાયતી ચીજોના છૂટક ભાવમાં 100 ટકાનો વધારો થાય તો અને

(ii) નષ્ટ ન થાય એવા કૃષિ ખાદ્ય પદાર્થોના છૂટક ભાવમાં 50 ટકાનો વધારો થાય તો

(4) ભાવ વધારાની ગણતરી છેલ્લા 12 મહિનાની કિંમત અથવા છેલ્લા પાંચ મહિનાની સરેરાશ છૂટક કિંમત એ બેમાંથી જે ઓછું હોય તેને આધારે કરવામાં આવશે.

## આ બિલ અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

આ બિલ અંતર્ગત The Essential Commodities Act, 1955 (આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1955)માં સુધારો કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) ભારતમાં કૃષિ ક્ષેત્રે ખાનગી મૂડી રોકાણ આકર્ષવા માટે આ એક્ટમાં સંશોધન કરવામાં આવ્યું છે.

(2) રોકાણકારો અને વ્યાપારીઓ માટે નિયમનકારી હસ્તક્ષેપો દૂર થતાં ભારતમાં કોલ્ડ સ્ટોરેજ, ગોદામો અને કૃષિ નિકાસના ક્ષેત્રમાં રોકાણ વધશે.

(3) આ સંશોધનથી ભારતમાં સ્પર્ધાત્મક બજારનું સર્જન થશે અને સંગ્રહની સુવિધાના અભાવે થતો કૃષિ બગાડ પણ રોકી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## સામાન્ય ખરડો (અનુચ્છેદ-107) પસાર થવાની પ્રક્રિયા

- સામાન્ય ખરડો એ સંસદના કોઈપણ ગૃહમાં (રાજ્યસભા/લોકસભા) પ્રથમ રજૂ કરવામાં આવે છે.
- ખરડો એ 7 અવસ્થા અને 3 વાંચનમાંથી ગૃહમાં પસાર થાય છે. આ પ્રક્રિયા નીચે મુજબ છે.

### લોકસભા/રાજ્યસભામાં ખરડો રજૂ (પ્રથમ ગૃહ)

**અવસ્થા : 1** — **પ્રથમ વાંચન**
- આ વાંચનમાં ખરડાનું શીર્ષક જાહેર કરવામાં આવે
- ખરડાનો ઉદ્દેશ્ય જાહેર કરવામાં આવે.
- ખરડો રાજપત્રમાં પ્રકાશિત થાય.

**અવસ્થા : 2 થી 6 (ખરડાની 2-6 અવસ્થા એ બીજા વાંચનનો ભાગ છે)** — **બીજું વાંચન**
- ખરડાની બાબતો પર વિસ્તૃત ચર્ચા કરી ખરડાને સમિતિને સોંપવામાં આવે છે.

**અવસ્થા : 2** — **સામાન્ય ચર્ચા**

**અવસ્થા : 3** — **સમિતિને સોંપણી (પ્રવર સમિતિ અથવા બંને ગૃહોની સંયુક્ત પ્રવર સમિતિને)**
- આ અવસ્થામાં ખરડાની ગૃહમાં ચર્ચા થઈ ગયા બાદ ખરડાને પ્રવર સમિતિ અથવા બંને ગૃહોની સંયુક્ત પ્રવર સમિતિને મોકલવામાં આવે છે. સમિતિ ખરડા પર વિચાર–વિમર્શ કરી પોતાનો અહેવાલ સોંપે છે.

**અવસ્થા : 4** — **સમિતિ અહેવાલ રજૂ કરે**
- સમિતિ ખરડા પર વિચાર કરી કેટલી બાબતો રાખવી તથા દૂર કરવી વગેરે અંગે પોતાનો અહેવાલ ગૃહને સોંપે છે.

**અવસ્થા : 5** — **સમિતિના અહેવાલ પર ચર્ચા**
- સમિતિ દ્વારા અહેવાલની સોંપણી કર્યા બાદ ગૃહમાં સમિતિના અહેવાલ પર ચર્ચા કરવામાં આવે છે. આ અવસ્થા દરમિયાન પણ ખરડાની બાબતો પર સુધારા કરવા સૂચવી શકાય છે.
- જો કોઈ સુધારો સૂચવવામાં આવ્યો હોય અને સદસ્યો તેને માન્ય રાખે તો એ ખરડાનો ભાગ બની જાય છે.

**અવસ્થા : 6** — **સમિતિના અહેવાલના દરેક ખંડ પર મતદાન**
- સમિતિના અહેવાલ પર ચર્ચા કર્યા બાદ ખરડાના દરેક ખંડ પર મતદાન કરવામાં આવે છે.

**અવસ્થા : 7** — **ત્રીજું વાંચન**
- અહીં ખરડો અંતિમ રૂપથી મતદાન માટે ગૃહ સમક્ષ મુકાય છે અને સંપૂર્ણ ખરડાનો મતદાન કરી સ્વીકાર અથવા અસ્વીકાર કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્રથમ ગૃહમાંથી ખરડો 7 અવસ્થા અને 3 વાંચનમાંથી પસાર થયા બાદ બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. બીજા ગૃહમાં પણ ખરડો પ્રથમ ગૃહ જેવી પ્રક્રિયામાંથી જ પસાર થાય છે.
- બીજા ગૃહમાં ખરડા પર 3 વાંચન બાદ નીચે મુજબની પરિસ્થિતિ સર્જાય છે :

### બીજા ગૃહમાં ખરડા પર 3 વાંચન બાદની પરિસ્થિતિ

બીજા ગૃહ દ્વારા ખરડાનો સ્વીકાર કરવામાં આવે તો ખરડો બંને ગૃહમાંથી પસાર થયો ગણાય.

બીજુ ગૃહ ખરડામાં સુધારા સૂચવે. જે પ્રથમ ગૃહ માન્ય રાખે તો પણ ખરડો પસાર થયો ગણાય.

પ્રથમ

નીચેના સંજોગોમાં ખરડા પર વિરોધાભાસની પરિસ્થિતિ સર્જાય.
(1) બીજું ગૃહ ખરડાનો અસ્વીકાર કરે
(2) બીજું ગૃહ ખરડામાં સુધારો સૂચવે જે પ્રથમ ગૃહને માન્ય ન હોય
(3) બીજું ગૃહ ખરડા પર 6 મહિના સુધી કોઈ કાર્યવાહી ન કરે

બંને ગૃહમાંથી ખરડો પસાર થાય ત્યારબાદ ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિ પાસે ખરડાને મંજૂરી આપવા સંદર્ભે નીચે મુજબના વિકલ્પો છે :

(1) રાષ્ટ્રપતિ ખરડાનો સ્વીકાર કરી મંજૂરી આપે

(2) રાષ્ટ્રપતિ ખરડાનો અસ્વીકાર કરે. (આત્યંતિક વીટો)

(3) રાષ્ટ્રપતિ ખરડાને પુનઃ વિચારણા માટે મોકલે (નિલંબનકારી વીટો)

(4) રાષ્ટ્રપતિ ખરડાનો સ્વીકાર કે અસ્વીકાર ન કરે અને પુનઃ વિચારણા માટે પણ ન મોકલે (પોકેટ/જેબી વીટો)

ઉપરોક્ત વિરોધાભાસની પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ અનુચ્છેદ 108 અંતર્ગત સંયુક્ત બેઠક બોલાવી શકે.

**નોંધ** : રાષ્ટ્રપતિએ પુનઃવિચારણા માટે મોકલેલો ખરડો જો ગૃહો દ્વારા ફરી સુધારા વિના પસાર કરી રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલવામાં આવે તો રાષ્ટ્રપતિએ સ્વીકારવો ફરજિયાત છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. 'વિશ્વ શિક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર **(C)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 5 નવેમ્બર (D) 5 ડિસેમ્બર **(A)**

3. 'વિશ્વ આવાસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 ઓક્ટોબર (B) ઓક્ટોબર માસનો પ્રથમ રવિવાર
(C) 6 ઓક્ટોબર (D) ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર **(D)**

4. ખેડૂત ઉત્પાદન વ્યાપાર અને વાણિજય (સંવર્ધન અને સુવિધા) વિધેયક, 2020 કોના દ્વારા ભારતની લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું ?
(A) ડૉ. હર્ષવર્ધન (B) શ્રી પ્રકાશ જાવડેકર
(C) શ્રી નરેન્દ્રસિંહ તોમર (D) શ્રી નીતિન ગડકરી **(C)**

5. ખેડૂત ઉત્પાદન વ્યાપાર અને વાણિજય (સંવર્ધન અને સુવિધા) વિધેયક, 2020ની જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ખેડૂતો રાજ્યની અંદર કે રાજ્યની બહાર પણ સમગ્ર દેશમાં કોઈપણ જગ્યાએ પોતાની કૃષિ નીપજ વેચી શકશે.
2. આ બિલથી 'એક દેશ, એક કૃષિ બજાર'ની ઉકિત સાર્થક થશે.
3. APMC માર્કેટની બહાર કૃષિ પેદાશોના વેચાણ પર રાજ્ય સરકાર ઓછામાં ઓછો 5 ટકા અને વધુમાં વધુ 10 ટકા GST વસૂલી શકશે.
Ans. (A) 1, 2, 3 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) 2 અને 3 **(B)**

6. ખેડૂત (સશકિતકરણ અને સુરક્ષા) મૂલ્ય આશ્વાસન અને કૃષિ સેવાઓ અંગે કરાર વિધેયક, 2020 કોના દ્વારા ભારતની લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું ?
(A) ડૉ. હર્ષવર્ધન (B) શ્રી પ્રકાશ જાવડેકર
(C) શ્રી નરેન્દ્રસિંહ તોમર (D) શ્રી નીતિન ગડકરી **(C)**

7. ખેડૂત (સશકિતકરણ અને સુરક્ષા) મૂલ્ય આશ્વાસન અને કૃષિ સેવાઓ અંગે કરાર વિધેયક, 2020 ની જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ભારતમાં ખેડૂતો વેપારી, કંપની કે અન્ય સાથે કોન્ટ્રાકટ કરીને કોન્ટ્રાકટ ફાર્મિંગ કરી શકશે.
2. આ કોન્ટ્રાકટનો ઓછામાં ઓછો સમય 5 વર્ષનો હશે.
Ans. (A) 1 અને 2 (B) ફકત 1
(C) ફકત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. ખેડૂત (સશક્તિકરણ અને સુરક્ષા) મૂલ્ય આશ્વાસન અને કૃષિ સેવાઓ અંગે કરાર વિધેયક, 2020ની જોગવાઈ અનુસાર ખેડૂત અને વ્યાપારી વચ્ચે વિવાદના કિસ્સામાં કયાં અપીલ કરી શકાશે ?

Ans. (A) Conciliation Board
(B) Sub-Divisional Magistrate (SDM)
(C) Appellate Authority
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

9. 'આવશ્યક ચીજવસ્તુ (સંશોધન) વિધેયક, 2020' કોના દ્વારા ભારતની લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રસિંહ તોમર
(B) શ્રી મનોહરલાલ ખટ્ટર
(C) શ્રી દાણવે રાવસાહેબ
(D) શ્રી દેવનંદન પ્રસાદ **(C)**

10. 'આવશ્યક ચીજવસ્તુ (સંશોધન) વિધેયક, 2020'ની જોગવાઈ અનુસાર કઈ ચીજવસ્તુઓને આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાંથી બાકાત કરવામાં આવી છે ?
(A) અનાજ, કઠોળ, તેલીબિયા
(B) ખાદ્યતેલ
(C) ડુંગળી અને બટાકા
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

11. 'આવશ્યક ચીજવસ્તુ (સંશોધન) વિધેયક, 2020'ની જોગવાઈ અનુસાર ભારતમાં કેન્દ્ર સરકાર કયા સંજોગોમાં કેટલીક ચીજવસ્તુઓ પર સ્ટોક લિમિટ અથવા તો પ્રતિબંધ લાદી શકશે ?
(A) યુદ્ધ
(B) અસામાન્ય ભાવ વધારો
(C) ગંભીર કુદરતી આપત્તિ
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

12. ભારતમાં 'આવશ્યક ચીજવસ્તુ (સંશોધન) વિધેયક, 2020' અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?
(A) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1950
(B) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1955
(C) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1960
(D) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1965 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6 OCTOBER, 2020 TUESDAY**

## ➤ વયોવૃદ્ધ કોરોના દર્દીઓની સારવાર માટે ભારતમાં સૌપ્રથમ અમદાવાદમાં જીરીયાટ્રીક વોર્ડનો પ્રારંભ

ગુજરાતમાં **અમદાવાદ**ની **સિવિલ હોસ્પિટલ**માં વયોવૃદ્ધ કોરોના દર્દીઓની સારવાર માટે અલગ **જીરીયાટ્રીક વોર્ડ** કાર્યરત કરવામાં આવ્યો છે.

- જે ભારતમાં વયોવૃદ્ધ કોરોના દર્દીઓની વિશેષ સારવાર માટે શરૂ થયેલો **ભારતનો પ્રથમ** જીરીયાટ્રીક વોર્ડ છે.
- સામાન્ય રીતે હોસ્પિટલમાં સ્ત્રીરોગ વિભાગ, બાળરોગ વિભાગ એમ અલગ–અલગ વિભાગ હોય છે.
- એ જ રીતે સિવિલ હોસ્પિટલમાં 70 વર્ષથી વધુ વયના કોરોના દર્દીઓની સારવાર માટે આ અલગ વિભાગની રચના કરવામાં આવી છે.
- કેમ કે અન્ય કોરોના દર્દીઓની તુલનાએ વયોવૃદ્ધ કોરોના પેશન્ટની સારવારમાં વિશેષ કાળજીની જરૂરી હોય છે.

**નોંધ :** ગુજરાતમાં **અમદાવાદ**ની **સિવિલ હોસ્પિટલ** બાદ **જામનગર**માં **જી. જી. સરકારી હોસ્પિટલ**માં પણ આવો જીરીયાટ્રીક વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતમાં 'નશાબંધી સપ્તાહ'ની ઉજવણી

તાજેતરમાં ગુજરાતમાં **2 થી 8 ઓક્ટોબર, 2020** દરમિયાન **'નશાબંધી સપ્તાહ'**ની ઉજવણી કરવામાં આવી હતી.

- આ સપ્તાહની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માદક પદાર્થોની હાનિકારક અસરો વિશે જાગૃતિ કેળવવાનો હતો.
- ગુજરાતમાં મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.
- આ અંતર્ગત ગુજરાત સરકારની નશાબંધી અને આબકારી કચેરી દ્વારા આ સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ➤ ગુજરાતમાં 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી

ગુજરાત સરકારના **વન વિભાગ** દ્વારા ગુજરાતમાં **2 થી 8 ઓક્ટોબર, 2020** દરમિયાન **'વન્ય પ્રાણી સપ્તાહ'**ની ઉજવણી કરવામાં આવી હતી.

- આ અંતર્ગત ગુજરાતમાં વન્ય સૃષ્ટિ અંગે જાગૃતિ ફેલાવવા માટે ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા જુદા જુદા સ્થળોએ ચિત્ર સ્પર્ધા સહિતના અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**નોંધ :** 'વન્ય પ્રાણી સપ્તાહ'ને 'વન્ય પ્રાણી સંરક્ષણ સપ્તાહ' તથા 'વન્ય જીવ સપ્તાહ' તરીકે પણ ઓળખવામાં આવે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAM

### ICE ? Questions

1. વયોવૃદ્ધ કોરોના દર્દીઓને સારવાર માટે ભારતના કયા શહેરમાં દેશનો પ્રથમ જીરીયાટ્રીક વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો છે ?
   (A) દિલ્હી (B) અમદાવાદ (C) ગાંધીનગર (D) જામનગર **(B)**

2. તાજેતરમાં ગુજરાતમાં કયા સમયગાળા દરમિયાન 'નશાબંધી સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું ?
   (A) 1 થી 7 સપ્ટેમ્બર (B) 15 થી 21 સપ્ટેમ્બર
   (C) 1 થી 7 ઓક્ટોબર (D) 2 થી 8 ઓક્ટોબર **(D)**

3. તાજેતરમાં ગુજરાતમાં કયા સમયગાળા દરમિયાન 'વન્ય પ્રાણી સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું ?
   (A) 1 થી 7 સપ્ટેમ્બર (B) 15 થી 21 સપ્ટેમ્બર
   (C) 1 થી 7 ઓક્ટોબર (D) 2 થી 8 ઓક્ટોબર **(D)**

**7 OCTOBER, 2020 WEDNESDAY**

## ➢ દિવસ મહિમા : 7 ઓક્ટોબર, વિશ્વ કપાસ દિવસ

## ➢ ગુજરાતના ગ્રામીણ વિસ્તારના નાગરિકોને પોતાના ગામમાં જ સેવાઓ ઉપલબ્ધ કરાવવા 'ડિજિટલ સેવા સેતુ યોજના' લોન્ચ

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં **'ડિજિટલ સેવા સેતુ' (Digital Seva Setu)** નામથી એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે.

- આ સાથે જ ગુજરાત આ પ્રકારની સેવા શરૂ કરનાર કદાચ ભારતનું **પ્રથમ રાજ્ય** બની ગયું છે.
- ગુજરાતમાં દૂર દરાજના ગ્રામીણ વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ તેમના ગામમાં જ મળી રહે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.
- આથી, આ સેવાઓ માટે તેમણે હવે જિલ્લા કે તાલુકા મથકોએ જવાની જરૂર રહેશે નહિ.
- આ અંતર્ગત ગુજરાતમાં –

  (1) **રેશનકાર્ડમાં નામ દાખલ કરવું, નામ કઢાવવું, સુધારો કરવો કે ડુપ્લિકેટ રેશન કાર્ડ કઢાવવું**

  (2) **આવકનો દાખલો મેળવવો**

  (3) **સિનીયર સિટીઝનનો દાખલો મેળવવો**

  (4) **ક્રિમિલિયર સર્ટિફિકેટ મેળવવું**

  (5) **જાતિનું પ્રમાણપત્ર મેળવવું**

  વગેરે જેવી સેવાઓ માત્ર **20 રૂપિયા**ની નજીવી ફીથી મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સોંગધનામું - એફિડેવિટ

આ ઉપરાંત ગુજરાતમાં વિવિધ દાખલાઓ મેળવવા માટે સોગંદનામું કરાવવા માટે નાગરિકોએ નોટરી પાસે ન જવું પડે તે માટે **પંચાયત તલાટી કમ મંત્રી**ને સત્તાઓ આપવામાં આવશે.

- ગુજરાતમાં **Oaths Act 1969**ની **કલમ-3**ની જોગવાઈ અનુસાર કરવાના થતાં સોગંદનામા માટે **ગ્રામ્યકક્ષાએ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી**ને આ સત્તા આપવામાં આવશે.
- જેથી ગ્રામીણ નાગરિકોને ગામમાં જ ગ્રામ પંચાયતમાંથી એફિડેવિટની સુવિધા ઉપલબ્ધ થશે.

**નોંધ :** (1) ગુજરાતમાં ‘સેવાસેતુ કાર્યક્રમ’નો પ્રારંભ વર્ષ 2016થી થયો હતો.
(2) આ અંતર્ગત 8 ઓક્ટોબર 2020થી ગુજરાતની 2792 જેટલી ગ્રામ પંચાયતોમાં ‘ડિજિટલ સેવા સેતુ’નો પ્રારંભ થશે.
(3) તેમાં પ્રારંભિક તબક્કામાં 27 સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
(4) ડિસેમ્બર, 2020 સુધીમાં ગુજરાતની 8000 જેટલી ગ્રામ પંચાયતોમાં આ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## ➢ બોઈંગ 777-300 ER અથવા ‘એર ઈન્ડિયા વન’

ભારતના **રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન** હાલ **બોઈંગ-747** નામના વિમાનમાં પ્રવાસ કરે છે.

- ભારતના આ ત્રણેય મહાનુભાવો જે વિમાનમાં પ્રવાસ કરે છે તેને **‘એર ઈન્ડિયા વન’** તરીકે ઓળખવામાં આવે છે.
- તાજેતરમાં ભારતમાં આ ત્રણેય મહાનુભાવોને વધુ સુરક્ષિત અને વધુ સુવિધાજનક વિમાન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત ભારતે **અમેરિકા**ની **બોઈંગ** નામની કંપની પાસેથી ખરીદેલા **બે** **બોઈંગ-777** વિમાનોને રિનોવેટ કરવાનો નિર્ણય કર્યો હતો.
- આ માટે ભારતે અમેરિકાની **બોઈંગ** નામની કંપનીને વર્ષ **2018**માં **રૂ. 8400 કરોડ**નો કોન્ટ્રાક્ટ આપ્યો હતો.
- આ અંતર્ગત આ બે વિમાનોમાંથી **બોઈંગ-777-300 ER** નામનું **પ્રથમ** વિમાન રિનોવેટ થઈને **દિલ્હી** ખાતે આવી પહોંચ્યું છે.

**નોંધ :** આ વિમાનમાં **અમેરિકા**ના રાષ્ટ્રપતિના વિમાન **‘એર ફોર્સ વન’** જેવી જ રજવાડી સુવિધાઓ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



ICE Questions

1. 'વિશ્વ કપાસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ઓક્ટોબર (B) 6 ઓક્ટોબર (C) 7 ઓક્ટોબર (D) 8 ઓક્ટોબર (C)

2. ભારતના કયા રાજ્યમાં 'ડિજિટલ સેવા સેતુ' નામની એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) આસામ (D) કેરળ (A)

3. 8 ઓક્ટોબર, 2020થી પ્રારંભિક તબક્કામાં ગુજરાતની કેટલી ગ્રામ પંચાયતમાં 'ડિજિટલ સેવા સેતુ યોજના' લોન્ચ કરવામાં આવી છે ?

(A) 1000 (B) 2700 (C) 4000 (D) 8000 (B)

4. ગુજરાતમાં વિવિધ દાખલા કઢાવવા માટે જરૂરી સોગંદનામું કરી આપવા ગ્રામ્યકક્ષાએ કોને સત્તા આપવામાં આવશે ?

(A) સરપંચ (B) ઉપસરપંચ

(C) તલાટી (D) ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી (D)

5. ગુજરાતમાં Oaths Act 1969ની કઈ કલમ અનુસાર કરવાના થતા સોગંદનામા માટે ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રીને સત્તાઓ આપવામાં આવશે ?

(A) કલમ-3 (B) કલમ-6 (C) કલમ-7 (D) કલમ-8 (A)

6. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તથા વડાપ્રધાન જે વિમાનમાં પ્રવાસ કરે છે તે વિમાન કયા નામે ઓળખાય છે ?

(A) એર ફોર્સ વન (B) એર ઈન્ડિયા વન

(C) એર નેશન વન (D) એર નેશનલ વન (B)

7. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તથા વડાપ્રધાન માટે તાજેતરમાં કયું વિમાન રિનોવેટ કરવામાં આવ્યું છે ?

(A) બોઈંગ 747 (B) બોઈંગ 757 (C) બોઈંગ 767 (D) બોઈંગ 777 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 8 OCTOBER, 2020 THURSDAY

### ➢ દિવસ મહિમા : 8 ઓક્ટોબર, ભારતીય વાયુસેના દિન



ભારતીય વાયુસેના (Air Force)ની સ્થાપના 8 ઓક્ટોબર, 1932ના રોજ થઈ હતી.

- આથી, ભારતમાં દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ 'ભારતીય વાયુસેના દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત 8 ઓક્ટોબર, 2020ના રોજ વાયુસેનાના 88મા સ્થાપના દિન નિમિત્તે ભારતમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં આવેલા હિંડન એરબેઝ પર લડાયક વિમાનોની પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં અપાચે તથા ચિનુક જેવા હેલિકોપ્ટર તથા તેજસ, મિગ-21 સહિતના લડાકુ વિમાનોએ આ પરેડમાં ભાગ લઈને દેશની હવાઈ તાકાતનું પ્રદર્શન કર્યું હતું.

**નોંધ :** (1) ભારતીય વાયુસેનાનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

(2) હિંડન એરબેઝ એશિયાનું સૌથી મોટું અને વિશ્વનું 8મા નંબરનું સૌથી મોટું એરબેઝ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➢ ગુજરાતમાં નાગરિકોને ઘેરબેઠાં સારવાર મળી રહે તે માટે 'ઈસંજીવની OPD એપ' લોન્ચ

8 ઓક્ટોબર, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા 'eSanjeevani OPD' નામની એક મોબાઈલ એપનું ઈ–લોકાર્પણ કરાવ્યું છે.

- આ એપથી ગુજરાતમાં નાગરિકોને ઘેરબેઠા જ સારવાર મળી રહેશે.
- જેમાં નાગરિકો વીડિયો કોલિંગ દ્વારા તબીબો પાસેથી માર્ગદર્શન મેળવી શકશે.
- આ એપની મદદથી દૂર દરાજના ગ્રામીણ વિસ્તારમાં રહેતા દર્દીઓને પણ પોતાના ઘેરબેઠાં જ સારવાર–નિદાન થઈ શકશે.

**નોંધ :** ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતના વિવિધ રાજ્યોમાં આ એપ લોન્ચ કરવામાં આવી છે. આ અંતર્ગત ગુજરાતમાં પણ તેનો શુભારંભ કરવામાં આવ્યો છે.

## ➤ ગુજરાતમાં NFSA અંતર્ગત રાહત દરે અનાજ આપવાના વ્યાપમાં વધારો

ગુજરાતમાં હાલ 3.25 કરોડ લોકોને 'National Food Security Act, 2013' અંતર્ગત દર મહિને રાહત દરે અનાજ આપવામાં આવે છે.

- આ અંતર્ગત તેમને પ્રતિમાસ –
  - (1) 2 રૂપિયે કિલો ઘઉં તથા
  - (2) 3 રૂપિયે કિલો ચોખા

  ના નજીવા ભાવે વ્યક્તિ દીઠ 5 કિલો અનાજ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનેથી આપવામાં આવે છે.
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં હવે 10 લાખ પરિવારોના વધુ 50 લાખ લોકોને રાહત દરે અનાજ આપવાનો નિર્ણય કર્યો છે.
- આ અંતર્ગત ગુજરાતમાં હવે –
  - (1) દિવ્યાંગ વ્યક્તિઓ
  - (2) ગંગા સ્વરૂપા વિધવા માતા બહેનો
  - (3) વૃદ્ધ પેન્શન મેળવતા વૃદ્ધ વડિલો
  - (4) રીક્ષા, છકડો, નાના ટેમ્પો જેવા થ્રિ-વ્હિલર ચલાવી રોજીરોટી મેળવતા નાના વર્ગના લોકો
  - (5) બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ દ્વારા નોંધાયેલા બાંધકામ શ્રમિકો અને
  - (6) NFSAમાં સમાવિષ્ટ ન હોય તેવા જરૂરતમંદ BPL પરિવારો

  ને પણ NFSA અંતર્ગત રાહત દરે અનાજ આપવામાં આવશે.

નોંધ : NFSA અંતર્ગત અનાજ મેળવવા માટે ગુજરાત સરકારે વડિલો માટેની વયમર્યાદા 65 વર્ષથી ઘટાડીને 60 વર્ષ કરી છે. જેથી ગુજરાતના વધુ વડિલોને આ યોજનાનો લાભ મળશે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'ભારતીય વાયુસેના દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 8 ઓક્ટોબર (D) 9 ઓક્ટોબર **(C)**

2. તાજેતરમાં 8 ઓક્ટોબર, 2020ના રોજ ભારતમાં વાયુસેનાના કેટલામા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 83મા (B) 85મા (C) 88મા (D) 89મા **(C)**

3. 8 ઓક્ટોબર, 2020ના રોજ 'ભારતીય વાયુસેના દિન' નિમિત્તે ભારતમાં વાયુસેનાની રાષ્ટ્રીય કક્ષાની મુખ્ય પરેડનું આયોજન કયા એરબેઝ પર થયું હતું ?
(A) અંબાલા એરબેઝ (B) લેહ એરબેઝ
(C) પાલમ એરબેઝ (D) હિંડન એરબેઝ **(D)**

4. એશિયાના સૌથી મોટા એરબેઝનું નામ શું છે ?
(A) અમૃતસર (B) હિંડન (C) લેહ (D) પાલમ **(B)**

5. હિંડન એરબેઝ ભારતમાં કયાં આવેલું છે ?
(A) ગોરખપુર, ઉત્તરપ્રદેશ (B) કાનપુર, ઉત્તરપ્રદેશ
(C) ફરિદાબાદ, ઉત્તરપ્રદેશ (D) ગાઝિયાબાદ, ઉત્તરપ્રદેશ **(D)**

6. ભારતીય વાયુસેનાની સ્થાપના કયારે થઈ હતી ?
(A) 8 ઓક્ટોબર, 1928 (B) 8 ઓક્ટોબર, 1930
(C) 8 ઓક્ટોબર, 1932 (D) 8 ઓક્ટોબર, 1936 **(C)**

7. ગુજરાતમાં નાગરિકોને ઘેરબેઠાં જ નિદાન–સારવાર મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ મોબાઈલ એપ લોન્ચ કરી છે ?
(A) સંજીવની (B) ઈસંજીવની
(C) ઈસંજીવની OPD (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

8. ગુજરાત સરકારે ગુજરાતમાં હવેથી NFSA અંતર્ગત નીચેનામાંથી કયા વ્યકિતઓને પણ રાહત દરે અનાજ આપવાનો નિર્ણય કર્યો છે ?
(A) દિવ્યાંગ વ્યકિતઓ
(B) ગંગા સ્વરૂપા વિધવા માતા બહેનો
(C) વૃદ્ધ પેન્શન મેળવતા વૃદ્ધ વડિલો
(D) ઉપરોક્ત તમામ **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9. NFSA અંતર્ગત લાભાર્થી વ્યકિતને પ્રતિ કિલોગ્રામ કેટલા રૂપિયાના ભાવથી રાહત દરે ઘઉં આપવામાં આવે છે ?**

(A) 1 (B) 2 (C) 3 (D) 5 **(B)**

**10. NFSA અંતર્ગત લાભાર્થી વ્યકિતને પ્રતિ કિલોગ્રામ કેટલા રૂપિયાના ભાવથી રાહત દરે ચોખા આપવામાં આવે છે ?**

(A) 1 (B) 2 (C) 3 (D) 5 **(C)**

**11. NFSA અંતર્ગત લાભાર્થી પરિવારને પ્રતિમાસ વ્યકિત દીઠ કેટલા કિલો અનાજ રાહત દરે આપવામાં આવે છે ?**

(A) બે (B) ત્રણ (C) પાંચ (D) સાત **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 9 OCTOBER, 2020 FRIDAY

➤ **દિવસ મહિમા : 9 ઓક્ટોબર,**
(1) **વિશ્વ ટપાલ દિવસ (World Post Day)**
(2) **પ્રાદેશિક સેના દિવસ (Territorial Army Day)**

## ➤ 10,000 ફૂટથી વધુ ઊંચાઈ પર બનેલી વિશ્વની સૌથી લાંબી ટનલ 'અટલ ટનલ'નું લોકાર્પણ

ઓક્ટોબર, 2020 દરમિયાન ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** ભારતમાં **હિમાચલ પ્રદેશ**ના **મનાલી** ખાતેથી **'અટલ ટનલ'** રાષ્ટ્રને સમર્પિત કરી છે.

- આ ટનલ **10,000 ફૂટ**થી વધુ ઊંચાઈ પર નિર્માણ પામેલી **વિશ્વની સૌથી લાંબી ટનલ** છે.
- તેની લંબાઈ **9.02 કિલોમીટર** છે.
- ભારતના **હિમાચલ પ્રદેશ**માં આ ટનલનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- હિમાચલ પ્રદેમાં **હિમાલય**ની **પીર પંજાલ પર્વતમાળા**માં **રોહતાંગ ઘાટ**માં **લેહ-મનાલી હાઈવે** પર આ ટનલનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ ટનલ હિમાચલ પ્રદેશના **કુલ્લુ** જિલ્લાને **લાહોલ અને સ્પિતિ** જિલ્લા સાથે જોડે છે.
- આ ટનલ હિમાચલ પ્રદેશના **કુલ્લુ** જિલ્લાના **મનાલી** તથા **લાહોલ અને સ્પિતિ** જિલ્લાના **કિલોંગ** વચ્ચે આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ ટનલની વિશેષતા

આ ટનલની મદદથી **મનાલી અને લેહ** વચ્ચેના અંતરમાં **46 કિમી**નો અને મુસાફરીના સમયમાં **4 થી 5 કલાક**નો ઘટાડો થશે.

- આ ટનલની મદદથી મનાલી અને લેહ વચ્ચે શિયાળામાં પણ પ્રવાસ કરી શકાશે. અગાઉ ભારે બરફ વર્ષાને કારણે આ માર્ગ 5 થી 6 મહિના બંધ રહેતો હતો.
- આ ટનલ સમુદ્રની સપાટીથી **3000 મીટર** અથવા તો **10,000 ફૂટ**ની ઊંચાઈ પર આવેલી છે.
- ભારતના **Border Roads Organisation (BRO)** દ્વારા આશરે **રૂ. 3200 કરોડ**ના ખર્ચે આ ટનલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) 'અટલ ટનલ'ને 'રોહતાંગ ટનલ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) સૌપ્રથમ વર્ષ 2000માં ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ 'રોહતાંગ ટનલ'ના નિર્માણની જાહેરાત કરી હતી.

(3) ત્યારબાદ શ્રી અટલ બિહારી વાજપેઈએ વર્ષ 2002માં આ ટનલના એન્ટ્રન્સ માટેના એપ્રોચ રોડનો શિલાન્યાસ કર્યો હતો.

(4) પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈના નામ પરથી આ ટનલને 'અટલ ટનલ' નામ આપવામાં આવ્યું છે.

## ➤ મોરેટોરિયમ પિરિયડમાં લોનધારકોને રૂ. 2 કરોડ સુધીની લોન પર 'વ્યાજનું વ્યાજ' માફ

તાજેતરમાં કોરોના મહામારી દરમિયાન ભારતમાં લોનધારકોને **માર્ચથી ઓગસ્ટ 2020** દરમિયાન **6 મહિના** માટે **મોરેટોરિયમ પિરિયડ (EMI હોલિડે)** આપવામાં આવ્યો હતો.

- આ સમયે જે લોનધારકોએ મોરેટોરિયમ પિરિયડનો લાભ લીધો હતો તેમને **'વ્યાજનું વ્યાજ'** માફ કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે.
- આ અંતર્ગત કેન્દ્ર સરકાર **રૂ. 2 કરોડ** સુધીની લોન પરનું **ચક્રવૃદ્ધિ વ્યાજ (વ્યાજ પર વ્યાજ)** માફ કરશે.

**નોંધ :** (1) તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે આ અંગેનું સોગંદનામું રજૂ કર્યું હતું.

(2) સરકારના આ નિર્ણયથી અનેક લોનધારકોને લાભ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'વિશ્વ ટપાલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ પ્રાદેશિક સેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર **(C)**

3. ઓક્ટોબર 2020 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 10,000 ફૂટથી વધુ ઊંચાઈ પર નિર્માણ પામેલી વિશ્વની સૌથી લાંબી કઈ ટનલનું લોકાર્પણ કરાવ્યું છે ?
   (A) અટલ ટનલ (B) વિવેકાનંદ ટનલ
   (C) અબ્દુલ કલામ ટનલ (D) સરદાર ટનલ **(A)**

4. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'અટલ ટનલ'નું કયાંથી લોકાર્પણ કરાવ્યું છે ?
   (A) લેહ (B) લદાખ (C) ઋષિકેશ (D) મનાલી **(D)**

5. 'અટલ ટનલ' ભારતના કયા રાજ્યમાં આવેલી છે ?
   (A) ઉત્તરાખંડ (B) હરિયાણા
   (C) હિમાચલ પ્રદેશ (D) સિક્કિમ **(C)**

6. હિમાલયની કઈ પર્વતમાળામાં અટલ ટનલનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) શિવાલિકા (B) કારાકોરમ (C) પીર પંજાલ (D) હિન્દુ કુશ **(C)**

7. હિમાચલ પ્રદેશના કયા બે જિલ્લાને 'અટલ ટનલ' જોડે છે ?
   (A) કુલ્લુ અને મનાલી (B) કુલ્લુ અને શિમલા
   (C) કુલ્લુ અને ચંબા (D) કુલ્લુ અને લાહોલ અને સ્પિતિ **(D)**

8. હિમાચલ પ્રદેશના કયા બે શહેરને 'અટલ ટનલ' જોડે છે ?
   (A) મનાલી અને ચંબા (B) મનાલી અને શિમલા
   (C) મનાલી અને કિલોંગ (D) મનાલી અને બિલાસપુર **(C)**

9. 10,000 ફૂટની ઊંચાઈ પર નિર્માણ પામેલી વિશ્વની સૌથી લાંબી અટલ ટનલની લંબાઈ કેટલા કિલોમીટર છે ?
   (A) 6.02 (B) 7.02 (C) 8.02 (D) 9.02 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** હિમાલયના કયા ઘાટ(PASS)માં 'અટલ ટનલ'નું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) રોહતાંગ (B) નાથુલા (C) ઝોજીલા (D) ચાંગલા **(A)**

**11.** કયા હાઈવે પર 'અટલ ટનલ'નું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) લેહ–મનાલી (B) ચંબા–મનાલી
(C) બિલાસપુર–મનાલી (D) સોલન–મનાલી **(A)**

**12.** કોરોના મહામારી દરમિયાન ભારતમાં લોન ધારકોને કુલ કેટલા સમય માટે મોરેટોરિયમ પિરિયડ આપવામાં આવ્યો હતો ?
(A) ત્રણ મહિના (B) પાંચ મહિના (C) છ મહિના (D) આઠ મહિના **(C)**

**13.** ભારતમાં કોરોના મહામારીને કારણે જાહેર કરવામાં આવેલા 6 મહિનાના મોરેટોરિયમ પિરિયડ માટે કેન્દ્ર સરકારે કેટલા રૂપિયા સુધીની લોન પરનું ચક્રવૃદ્ધિ વ્યાજ માફ કરવાનો નિર્ણય કર્યો છે ?
(A) 2 કરોડ (B) 3 કરોડ (C) 5 કરોડ (D) 10 કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 10 OCTOBER, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 10 ઓક્ટોબર, (1) રાષ્ટ્રીય ટપાલ દિવસ (National Post Day)
### (2) વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day)

**નોંધ :** (1) ‘વિશ્વ ટપાલ દિવસ’ 9 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં ‘રાષ્ટ્રીય ટપાલ દિવસ’ 10 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

(2) વર્ષ 2020ની ‘વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ’ની થીમ 'Move for mental health : Increased Investment in mental health' છે.

### ➤ એન્ટી સબમરીન સુપરસોનિક મિસાઈલ ‘સ્માર્ટ’નું ભારત દ્વારા સફળ પરીક્ષણ

ઓક્ટોબર 2020 દરમિયાન ભારતે ‘સ્માર્ટ’ (SMART) મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું છે.

- SMARTનું પૂરું નામ Supersonic Missile Assisted Release of Torpedo છે.
- ભારતમાં ઓડિશાના દરિયા કિનારે આવેલા ડૉ. અબ્દુલ કલામ આઈલેન્ડ પરથી આ મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ મિસાઈલની રેન્જ 650થી 1000 કિમી સુધીની છે.
- સ્માર્ટ એ ભારતમાં DRDO દ્વારા વિકસાવવામાં આવેલી એક એન્ટી સબમરીન મિસાઈલ સિસ્ટમ છે.
- જેમાં સબમરીનને નષ્ટ કરવા માટે મિસાઈલની સાથે ટોર્પિડોનો પણ ઉપયોગ કરવામાં આવે છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ટપાલ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર **(C)**

3. વર્ષ 2020ની 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની થીમ શું છે ?
(A) Mental Health in the Workplace
(B) Mental Health : Promotion and Suicide Prevention
(C) Move For Mental Health : Increased Investment in Mental Health
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

4. તાજેતરમાં ભારતે 'સ્માર્ટ' મિસાઈલ સિસ્ટમનું ક્યાંથી સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) શ્રી સતિષ ધવન સ્પેશ સેન્ટર, આંધ્રપ્રદેશ
(B) ડૉ. અબ્દુલ કલામ આઈલેન્ડ, ઓડિશા
(C) ડૉ. વિક્રમ સારાભાઈ ટેસ્ટ રેન્જ, વિશાખાપટ્ટનમ
(D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

5. તાજેતરમાં ભારતે લોન્ચ કરેલી 'સ્માર્ટ'એ કયા પ્રકારની સુપરસોનિક મિસાઈલ સિસ્ટમ છે ?
(A) એન્ટી ટેન્ક (B) એન્ટી મિસાઈલ
(C) એન્ટી સબમરીન (D) એન્ટી એરક્રાફ્ટ **(C)**

6. ઓક્ટોબર 2020 દરમિયાન ભારતે 'સ્માર્ટ' મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું છે...તેનું પૂરું નામ શું છે ?
(A) Supersonic Missile Assisted Release of Torpedo
(B) Supersonic Missile Assisted Relief of Torpedo
(C) Supersonic Missile Assisted Real of Torpedo
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER
CURRENT AFFAIRS

## ભારત

### ➤ 'વિશ્વ કપાસ દિવસ' નિમિત્તે ભારત દ્વારા તેની પ્રથમ કોટન બ્રાન્ડ લોન્ચ

7 ઓક્ટોબર, 2020ના રોજ 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા ભારતની પ્રથમ કપાસ (Cotton) બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે. આ બ્રાન્ડને 'કસ્તુરી' અથવા તો 'KASTURI COTTON' નામ આપવામાં આવ્યું છે. ભારતમાં કેન્દ્ર સરકારના કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ આ બ્રાન્ડ તથા તેનો લોગો લોન્ચ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ભારત અને બાંગ્લાદેશની નૌસેના વચ્ચે 'બોંગોસાગર અભ્યાસ'નો પ્રારંભ

ભારત અને બાંગ્લાદેશની નૌસેના વચ્ચે ઓક્ટોબર 2020 દરમિયાન દ્વિપક્ષીય યુદ્ધ અભ્યાસ 'બોંગોસાગર'નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત અને બાંગ્લાદેશની નૌસેના વચ્ચે બંગાળની ખાડીમાં આ યુદ્ધ અભ્યાસ યોજાયો હતો. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે યોજાયેલો આ બીજો 'બોંગોસાગર' અભ્યાસ હતો. આ અગાઉ વર્ષ 2019માં તેનું પ્રથમ વખત આયોજન થયું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

- ➢ ભારતમાં કેન્દ્ર સરકારના કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાની દ્વારા લોન્ચ કરવામાં આવેલી ભારતની પ્રથમ કોટન બ્રાન્ડનું નામ શું છે ? – કસ્તુરી અથવા તો કસ્તુરી કોટન
- ➢ ભારત અને કયા દેશની સેના વચ્ચે તાજેતરમાં 'બોંગોસાગર' અભ્યાસ યોજાયો હતો ? – બાંગ્લાદેશ
- ➢ ભારત અને બાંગ્લાદેશની કઈ સેના વચ્ચે 'બોંગોસાગર' અભ્યાસનું આયોજન થયું હતું ? – નૌસેના
- ➢ ભારત અને બાંગ્લાદેશની નૌસેના વચ્ચે કઈ જગ્યાએ 'બોંગોસાગર' અભ્યાસનું આયોજન થયું હતું ? – બંગાળની ખાડી

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં ગુજરાતમાં કયા મહિનાની 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવણી કરવામાં આવી હતી ? – સપ્ટેમ્બર
2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા વિભાગની નવી વેબસાઈટ તથા 'બનો સવાયા ગુજરાતી' કેમ્પેઈન લોન્ચ કર્યું હતું ? – ગુજરાત ટુરિઝમ
3. 8 ઓક્ટોબર 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયાંથી 'ડિજિટલ સેવા સેતુ'નો પ્રારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર
4. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ભારત નેટ ફેઈઝ-2 સાથે જોડાણ કરીને ગુજરાતમાં 'ડિજિટલ સેવા સેતુ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – સાયન્સ ટેકનોલોજી વિભાગ
5. દર વર્ષે કયા સમયગાળા દરમિયાન 'રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ' ઉજવાય છે ? – 9 થી 15 ઓક્ટોબર

   (આ સપ્તાહનો પ્રારંભ 9 ઓક્ટોબરને 'વિશ્વ ટપાલ દિવસ'થી થાય છે.)
6. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા 10 લાખ હેન્ડ ગ્રેનેડ ખરીદવા માટે ભારતની ખાનગી કંપનીઓ સાથે કેટલા રૂપિયાના કરાર કરવામાં આવ્યા છે ? – 400 કરોડ
7. નાસા દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલું કયું અવકાશયાન ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર પહોંચી ગયું છે ? – સ્પેશશિપ કલ્પના ચાવલા

   (અવકાશમાં જનાર ભારતીય મૂળના પ્રથમ મહિલા અવકાશયાત્રી સ્વ. કલ્પના ચાવલાના

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નામ પરથી આ અવકાશયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.)

8. CBIના પૂર્વ ડાયરેક્ટર શ્રી અશ્વિની કુમારે શિમલા સ્થિત પોતાના નિવાસસ્થાને આત્મહત્યા કરી લીધી છે...શ્રી અશ્વિની કુમાર ભારતના કયા રાજ્યના પૂર્વ રાજ્યપાલ હતા ?

– નાગાલેન્ડ

9. વર્લ્ડ બેન્ક દ્વારા ઓક્ટોબર 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા 'સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટ' અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં ભારતના GDPમાં કેટલા ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે ? – 9.6 ટકા

(જ્યારે આ રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં દક્ષિણ એશિયાના અર્થતંત્રમાં 7.7 ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે.)

10. ફોર્બ્સ મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ની ભારતના ટોચના 100 ધનપતિઓની યાદીમાં પ્રથમ ક્રમે કયા ઉદ્યોગપતિ છે ? – શ્રી મુકેશ અંબાણી

(આ યાદીમાં શ્રી મુકેશ અંબાણી બાદ ગૌતમ અદાણી બીજા અને શ્રી શિવ નાદર ત્રીજા ક્રમે છે.)

11. શ્રી રામવિલાસ પાસવાનના નિધન બાદ કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયનો વધારાનો હવાલો કોને સોંપવામાં આવ્યો છે ? – શ્રી પિયૂષ ગોયલ

12. તાજેતરમાં કયા દેશે ન્યુકિલયર ટાઈટેનિક નામનું વિશ્વનું સૌથી મોટું પરમાણુ સંચાલિત આઈસબ્રેકર જહાજ બનાવ્યું છે ? – રશિયા

13. ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને કયા દિવસથી 'સ્વસ્થ વૃદ્ધાવસ્થા દશકો 2020-2030'નો શુભારંભ કરાવ્યો છે ?

– 1 ઓક્ટોબર ('આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ'ના રોજ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT